# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2024** **Midday : 2.30 to 2.35**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સુરતમાં સંસ્કૃતિની રક્ષા માટે યોગદાન આપનારા આઠ વ્યક્તિ વિશેષનું આજે સન્માન કરાયું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સાંસ્કૃતિક મૂલ્યોના રક્ષણ માટે લડી રહેલાં યોધ્ધાઓના પ્રોત્સાહનથી અન્ય સમાજ સેવકો પણ પ્રેરિત થશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ વર્ષ 2047 સુધીમાં વિકસિત આત્મનિર્ભર ઉન્નત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે, જેમાં આપણે સૌએ સાથે મળીને જાગૃત સમાજનું નિર્માણ કરવાનું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે 'સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન'ના સહયોગથી સુરતમાં સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારનું આયોજન કર્યું હતું.

મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું કે, "ભારતીય સંસ્કૃતિનુ જતન એ ગુજરાતના સ્વભાવમાં વણાયેલું છે. આજના સમયમાં આપણી વિરાસતને જાળવવાની તથા સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનની તાતી જરૂર છે.

## Bhanuben Babariya khatmuhrut

બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાના હસ્તે રાજકોટ, લોધિકા અને કોટડાસાંગાણી ખાતે ૩૨ કરોડથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત કરાયું. જન જનના સર્વાંગી વિકાસ સાથે તેમના રોજીંદા જીવનને સરળ અને સુવિધાથી સજ્જ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું મંત્રી શ્રી ભાનુબેને જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું કે રાજકોટમાં વિકાસકાર્યોનો પ્રવાહ પણ દિનપ્રતિદિન વેગ પકડી રહ્યો છે. આ વિકાસકાર્યોના નિર્માણથી સ્થાનિક વિસ્તારના નાગરિકોની માળખાકીય સુવિધાઓમાં વધારો થશે.

આ સાથે જ મંત્રી ભાનુબેન બાબરિયાએ રાજકોટ જિલ્લાના સરધાર ખાતે આંગણવાડી કેન્દ્રનું પણ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, પૂર્વ પ્રાથમિક શિક્ષણએ બાળકના શિક્ષણનો મહત્વનો પાયો છે ત્યારે બાળકો આંગણવાડીઓમાં જઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવી પાયાના શિક્ષણમાં મજબૂત બનશે. આ સાથે જ મંત્રીશ્રીએ આંગણવાડી કેન્દ્ર ખાતે વધુમાં વધુ વૃક્ષારોપણ અને કિચન ગાર્ડન બનાવવા પર ભાર મૂક્યો હતો.

## Dhabla Vitarn kuvarji halpati

શિયાળામાં ઠંડીથી શાળાના બાળકોને હૂંફ મળે તે માટે આદિજાતિ બાબતોના મંત્રી કુંવરજી હળપતિએ સોનગઢની વાઝરડા ગામની આશ્રમ શાળામાં ધાબળાનું વિતરણ કર્યું હતું. આ માનવીય કાર્યને લઈને આદિવાસી બાળકોએ ઠંડીથી રાહત મેળવી મંત્રીનો આભાર માન્યો હતો. આવા ઉમદા કાર્યો અન્ય લોકો પણ કરતા રહે તેવી આશા વ્યક્ત કરી હતી. બાળકોને ધાબળા વિતરણ કરતા મંત્રી કુંવરજી હળપતિએ પ્રતિક્રિયા આપી હતી....

( બાઈટ- કુંવરજી હળપતિ )

# LOCAL BODY ACCOUNT

ગીરસોમનાથ જીલ્લામાં લોકલ બોડી એકાઉન્ટની કામગીરીની સમીક્ષા અને તાલીમ વર્કશોપનું આયોજન કરાયું હતું..સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આવક અને ચૂકવણી (ખર્ચ)ની માહિતી પરથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વાર્ષિક હિસાબો તૈયાર કરવા સહિતની માહિતી અને માર્ગદર્શન આ તાલીમમાં અપાયું હતું. જિલ્લાનાં તમામ તાલુકાનાં આંકડા મદદનીશો, સંશોધન મદદનીશોને તાલીમ આપવામાં આવી હતી.

રાજ્ય સરકારનાં નિર્દેશ મુજબ ૧૩મા નાણાપંચની ભલામણ અનુસાર જિલ્લાનાં આવકનાં અંદાજો સંગીન બનાવવા માટે, બંધારણનાં ૭૩ અને ૭૪ માં સુધારા અન્વયે અસ્તિત્વમાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આવક અને ચુકવણીની માહિતી પરથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વાર્ષિક હિસાબો તૈયાર કરવા અંતર્ગત વિસ્તારથી સમજ આપવામાં આવી હતી.

## Para Sports Festival...

વિસનગર તાલુકાના કુવાસના ગામ ખાતે આવેલ ઉત્તર ગુજરાત દિવ્યાંગ કલ્યાણ સંઘના દિવ્યાંગ સેવા પરિસર ખાતે દિવ્યાગજનોને નેશનલ અને ઇન્ટરનેશલ રમતોની સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદગી માટે નો જિલ્લા પેરા રમતોત્સવ યોજાયો હતો.

જિલ્લામાંથી 58 જેટલા દિવ્યાંગ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. 100 મી.દોડ.લાબીકુદ. ગોળાફેક.ચક્ર ફેક અને ભાલા ફેક જેવી રમતોમાં ખેલાડીઓ એ ભાગ લઈ પોતાનું કોવત બતાવ્યું હતું. આ સ્પર્ધા માંથી 15 ખેલાડીઓ ની પસંદગી કરી હતી.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. 27 ડિસેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને newsonair મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

રીપીટ

# DANG HAWAMAN

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા. ૨૭/૧૨/૨૦૨૪ થી તા. ૨૮/૧૨/૨૦૨૪ દરમિયાન ડાંગ જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદ વરસાદની સંભાવના છે.

આવા સમયે વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેવા જીલ્લા ખેતીવાડી શાખા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું છે જેમાં માવઠાના વરસાદથી થતા પાક નુકસાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક કે તાડપત્રી થી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલા ની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું જેવા પગલાં લેવા જણાવાયું છે.. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જ્યાં જરૂર પડે તો ગ્રામ સેવક તેમજ ટોલ ફ્રી નંબરનો માર્ગદર્શન માટે ઉપયોગ કરવાનીપણ અપીલ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક